RIGHT TO INFORMATION

અપીલ અરજી નં. ૫૪૫ તા.૪–૧–૧૨
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદાર:– શ્રી જેનીશ એસ રાણા
સામાવાળ :– ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન)
ડે.કમિશ્નર (ફા.) અને જાહેર માહિતી અધિકારી (હિસાબી વિ.)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી જેનીશ એસ રાણાની તા. ૧૬–૧૧–૧૧ની અરજીથી જેનીશ હસમુખલાલ રાણા સેન્ટ્રલઝોન જેમાં દક્ષિણ યુનિટ, વાહકજન્ય રોગ નિયંત્રણ વિભાગ જેમાં અમો અરજદાર અંદાજે સપ્ટેમ્બર–૨૦૧૦ માં રોજીંદા બેલદાર તરીકે ફરજ બજાવતા હતા. જેનું પ્રોવિડંટ ફંડ નંબર અમોને સરકારી કામમ જરૂર હોય પ્રો.ફંડ નંબર તથા આજદિન સુધી અમારી પ્રો.ફંડની રકમ સહીતની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૪–૧–૧૨ ની **SMC/FAP/** નં.૫૪૫/૨૦૧૧–૧૨

જેનીશ એસ રાણાની તા. ૧૬–૧૧–૧૧ની અરજીથી જેનીશ હસમુખલાલ રાણા સેન્ટ્રલઝોન જેમાં દક્ષિણ યુનિટ, વાહકજન્ય રોગ નિયંત્રણ વિભાગ જેમાં અમો અરજદાર અંદાજે સપ્ટેમ્બર–૨૦૧૦ માં રોજીંદા બેલદાર તરીકે ફરજ બજાવતા હતા. જેનું પ્રોવિડંટ ફંડ નંબર અમોને સરકારી કામમ જરૂર હોય પ્રો.ફંડ નંબર તથા આજદિન સુધી અમારી પ્રો.ફંડની રકમ સહીતની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૪–૧–૧૨ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો નકલ સહ સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/ ૧૫૦૬ તા.૧૭–૧–૧૨ થી ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન) તથા અરજદારને મુળ અરજીથી માંગેલ માહિતી જણાવેલ ન હોઈ તે રજૂ કરવા સાથે પક્ષકાર જાહેર માહિતી અધિકારી પણ જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ./૨૦૯૭ તા.૨૩–૧–૧૨ થી આપેલ માહિતી નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી મુળ અરજીની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૧૬–૧૧–૧૧ ની અરજીથી બાબત હેઠળની માહિતી માંગતી અરજી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે અંગે અરજદારે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૪–૧–૧૨ના રોજ અપીલ કરવામાં આવેલ. જે બાબતે અરજદારની અરજીમાં જેનીશ હસમુખલાલા રાણા સ ેન્ટ્રલઝોન જેમાં દક્ષિણ યુનિટ, વાહકજન્ય રોગ નિયંત્રણ વિભાગ જેમાં તેમણે અંદાજે સપ્ટેમ્બર–૨૦૧૦ માં રોજીંદા બેલદાર તરીકે ફરજ બજાવતા હતા. જેનું પ્રોવિડંડ ફંડ નંબર તેમને સરકારી કામમા જરૂર હોય પ્રો.ફંડ નંબર તથા આજદિન સુધી તેમની પ્રો.ફંડની રકમ સહીતની માહિતી આપવા. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ./૨૦૯૭ તા.૨૩–૧–૧૨ થી સેન્ટ્રલ ઝોનની કચેરીમાં પ્રોવિડંટ ફંડ નંબર ઉપલબ્ધ ન હોય જે બાબતે સેન્ટ્રલઝોન કક્ષાએથી એકાઉન્ટ વિભાગમાંથી પત્ર નં.સી.ઝેડ/એન્જી./આ./૩૦૨૯ તા.૩–૧૨–૧૧ તથા યાદપત્ર–૧ સે.ઝોન/મહેકમ/વહટ/ જા.નં.૧૯૨૫ તા.૨૧–૧૨–૧૧ થી નંબર અંગેની માહિતી માંગવામાં આવેલ. જે આજદિન સુધી એકાઉન્ટ વિભાગમાંથી મળેલ નથી. જેથી તેમની અરજી પ્રોવિડંટ ફંડ નંબર માટે ચીફ એકાઉન્ટશ્રી, એકાઉન્ટ વિભાગને પત્ર નં.સી.ઝેડ/ આરટીઆઈ/આ./ ૧૯૧૪ તા.૫–૧–૧૨ થી અરજી તબદીલ કરેલ છે. વધુમાં નવેમ્બર–૨૦૧૧ સુધીની પ્રોવિડંટ ફંડની કુલ રકમ રૂા.૩૧૦૭/– એકાઉન્ટ વિભાગ સુરત મહાનગરપાલિકા ખાતે જમા કરાવવામાં આવેલ છે. તેવુ સમય અવધિબાદ જણાવેલ.

અરજદારની પ્રથમ અપીલ તા.૪–૧–૧૨ ધ્યાને લેતાં ૨–૨–૧૨ સુધીમાં અને વિલંબીત કારણ સહિત ૧૬–૨–૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે. પરંતુ અપીલ હેઠળના અરજદારની પ્રથમ અપીલ બાદ અત્રેની કક્ષાએ જાન્યુ. અને ફેબ્રુ. ૨૦૧૨ દરમ્યાન ૧૧૪ જેટલી પ્રથમ અપીલ અત્રેની કચેરીને મળેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન બીજી અપીલમાં નામદાર માહિતી આયોગ ધ્વારા ૧૧૩ બાબતો માટે પૂર્તતા અહેવાલ મંગાવવામાં આવેલ તેમજ જે પૂર્તતા અહેવાલ અત્રેની કક્ષાએથી નામદાર આયોગને મોકલવામાં આવેલ છે. જયારે આજ સમયગાળા દરમ્યાન નામદાર આયોગ તરફથી લોક અદાલતનો નવતર પ્રયોગ હાથ ધરેલ. જેમાં અત્રેના સત્તા મંડળની ૭૩ ની બાબતોનું પત્રક આપવામાં આવેલ. તે અંગેના પણ પૂર્તતા અહેવાલ અને આ કાર્યક્રમની પૂર્વ તૈયારીના ભાગરૂપે વધવા પામેલ કાર્ય ભારણના લીધે પ્રસ્તુત અપીલ તથા તેની આસપાસના સમયગાળામાં આવેલ અપીલનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૧૬–૧૧–૧૧ ની અરજીના માંગવામાં આવેલ આંશિક માહિતી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી દફતરી ઉપલબ્ધ માહિતી પુરી પડાયેલ છે પરંતુ વિલંબિત તબદીલી બાદ જાહેર માહિતી અધિકારી હિસાબી વિભાગ કક્ષાએથી અરજદારને માહિતી અપાયેલ ન હોય તો હુકમ અન્વયે દિન–૭ માં આરટીઆઈ એકટની કલમ ૭(૬) હેઠળ વિનામુલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને માહિતી પુરી પાડવા ડે.કમિશ્નર (ફા.) અને જાહેર માહિતી અધિકારી (હિસાબી વિ.) ને જણાવવામાં આવે છે."

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩–૧૨

પ્રતિ,

(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન / ડે.કમિશ્નર (ફા.) અને જાહેર માહિતી અધિકારી (હિસાબી વિ.) .....જાણ તથા અમલ માટે

(૨) શ્રી જેનીશ એસ રાણા